# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : તત્ત્વજ્ઞાન (136) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**
**પ્રશ્નપત્રનું પરિરૂપ**

**સમય : 3 કલાક** | **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન / કૌશલ્ય (S) | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ગુણ | 30 | 28 | 27 | 15 | 100 |
| ટકા | 30% | 28% | 27% | 15% | 100% |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નોનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વગર | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 15 | 15 | 15 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA) | 10 | 14 | 20 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 10 | 14 | 30 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 04 | 06 | 20 |
| | કુલ | **54** | **64** | **100** |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
| 1. | વિધાનના રૂપો અને તેના પ્રકારો | 14 | 19 |
| 2. | દલીલનું રૂપ અને દલીલનું પ્રામાણ્ય | 10 | 10 |
| 3. | અનુમાનના નિયમો | 12 | 12 |
| 4. | નિરૂપાધિક સંવિધાન | 12 | 14 |
| 5. | વ્યાપ્તિકરણ અને વૈજ્ઞાનિક અન્વેષણની રીતિઓ | 09 | 12 |
| 6. | ભારતીય તર્કશાસ્ત્રમાં અનુમાન | 09 | 11 |
| 7. | મૂલ્યમીમાંસા | 06 | 08 |
| 8. | ધર્મનો અર્થ અને ધાર્મિક જીવન | 09 | 14 |
| 9. | જગતના વિદ્યમાન ધર્મો | 12 | 20 |
| 10. | આત્મ સાક્ષાત્કારની વૈજ્ઞાનિક પદ્ધતિ: યોગ | 07 | 10 |
| | કુલ ગુણ | **100** | **130** |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાનાં પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : તત્ત્વજ્ઞાન (136) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**
**પ્રશ્નપત્રનું માળખું**

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 15 | **વિભાગ-A**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 15 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ 4 (ચાર) વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.<br>(દરેક પ્રશ્નનો 1 (એક ગુણ) | **15** |
| 16 થી 30 | **વિભાગ-B**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 (એક) ગુણ. | **15** |
| 31 થી 44 | **વિભાગ-C**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 44 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નના 2 (બે) ગુણ છે. | **20** |
| 45 થી 58 | **વિભાગ-D**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 45 થી 58 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. દરેક પ્રશ્નના 3 (ત્રણ) ગુણ છે. | **30** |
| 59 થી 64 | **વિભાગ-E**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 59 થી 64 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 04 (ચાર) પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. દરેક પ્રશ્નના 5 (પાંચ) ગુણ છે. | **20** |
| | **કુલ ગુણ** | **100** |

**નોંધ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહિ.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ 2020-21 માટે

## ધોરણ-12 : તત્ત્વજ્ઞાન (136) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 100**

**સૂચનાઓ :**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ (A થી E) વિભાગો છે.

(2) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.

(3) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.

(4) નવો વિભાગ નવા પાના ઉપર લખવો.

### વિભાગ - A

- **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ)** **[15]**

(1) મૂળભૂત તાર્કિક કારકો કેટલા છે ?

(A) પાંચ (B) ત્રણ (C) ચાર (D) બે

(2) સત્ય આધારવિધાન અને અસત્ય ફલિત વિધાનવાળી દલીલ કેવા પ્રકારની હોય છે.

(A) સત્ય (B) અપ્રમાણભૂત (C) પ્રમાણભૂત (D) અસત્ય

(3) ઉતરાંગના નિષેધ પરથી પૂર્વાંગના નિષેધને લગતા નિયમને સંક્ષેપમાં શું કહે છે ?

(A) HS (B) DS (C) MT (D) MP

(4) કઈ આકૃતિમાં મધ્યપદ બંને આધાર વિધાનોમાં ઉદ્દેશ્યના સ્થાને હોય છે ?

(A) પહેલી (B) બીજી (C) ત્રીજી (D) ચોથી

(5) સંવિધાનમાં પ્રત્યેક પદનો ઉપયોગ કેટલીવાર થાય છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(6) કઈ વ્યાપ્તિ કાર્યકારણ સંબંધ સ્થાપે છે ?

(A) વૈજ્ઞાનિક વ્યાપ્તિ (B) અવૈજ્ઞાનિક વ્યાપ્તિ

(C) સાદીગણના મૂલક વ્યાપ્તિ (D) નિગમન

(7) અનિવાર્ય શરતોનો સમુચ્ચય એટલે શું ?

(A) નિગમન (B) વ્યાપ્તિ (C) આંશિક શરત (D) પર્યાપ્ત શરત

(8) પંચાવયવી અનુમાનનો કયો અવયવ અનુમાન ક્રિયાનું પરમ ફળ છે ?

(A) પ્રતિજ્ઞા (B) ઉપનય (C) હેતુ (D) નિગમન

(9) કયા ધનને શ્રેષ્ઠ ધન કહ્યું છે ?

(A) ચલણી નાણુ (B) સુવર્ણ મુદ્રા (C) વિદ્યારૂપી ધન (D) બચાવેલુ ધન

(10) મૂલ્યલક્ષી વિધાનોની વિશેષતા કઈ છે ?

(A) નિત્ય સત્યતા (B) વ્યક્તિગત પસંદગી (C) બિન વૈકલ્પિક (D) સર્વલક્ષી

(11) ધાર્મિક જીવનમાં લાગણીઓ કે ભાવનાઓ સાથે કયું પાસુ સંકળાયેલું છે ?

(A) તાર્કિકતા (B) જ્ઞાનાત્મક (C) સંવેદનાત્મક (D) નૈતિક

(12) ''નિરંતર પ્રાર્થના કરતા રહો'' આ આજ્ઞા કયા ધર્મગ્રંથમાં છે ?

(A) બાઈબલ (B) માનવધર્મ (C) કુરાન (D) આપણો ધર્મ

(13) જગતના વિદ્યમાન ધર્મોની સંખ્યા કેટલી છે?

(A) 09 (B) 10 (C) 11 (D) 20

(14) હિન્દુ ધર્મનો ઉદ્ભવ ક્યાં થયો છે?

(A) ચીન (B) ભારત (C) જાપાન (D) પશ્ચિમ એશિયા

(15) યોગશાસ્ત્રની રચના કોણે કરી છે?

(A) મહર્ષિ અરવિંદ (B) મહર્ષિ પતંજલિ (C) આનંદશંકર ધ્રુવ (D) પંડિત સુખલાલજી

## વિભાગ - B

- **નીચે પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં લખો : (દરેક પ્રશ્નનો 1 ગુણ)** **[15]**

(16) અમુક નિશ્ચિત વિધાન માટે વાપરવામાં આવતા પ્રતીકને શું કહે છે?

(17) દલીલના પ્રામાણ્યનો નિર્ણય શેના પર આધારિત છે?

(18) અનુમાનના નિયમો કેટલા છે?

(19) સંવિધાનના ફલિત વિધાનમાં કયા બે પદોનો સમાવેશ થાય છે?

(20) સંવિધાનમાં મધ્યપદના સ્થાનની શક્યતાઓ કેટલી છે?

(21) 'દરેક બનાવને કારણ હોય છે.' - આ નિયમ કયો છે?

(22) વૈજ્ઞાનિક વ્યાપ્તિને શેનો સબળ ટેકો હોય છે?

(23) પંચાવયવી અનુમાનનો પ્રથમ અવયવ કયો છે?

(24) કોઈપણ બે શારીરિક મૂલ્યોના ઉદાહરણ આપો.

(25) પ્રેમ, કરૂણાનું મૂલ્ય કયા પ્રકારનું છે?

(26) સ્નેહનું બીજુ નામ શું છે?

(27) માનવધર્મ પુસ્તકના રચયિતા કોણ છે?

(28) ત્રિપિટક કયા ધર્મનો ધર્મગ્રંથ છે?

(29) જગતના વિદ્યમાન ધર્મોમાં સૌથી પ્રાચીન ધર્મ કયો છે?

(30) 'અમુક કાર્ય કરવું જોઈએ' - એ બૌધ્ધિક નિશ્ચય એટલે શું?

## વિભાગ - C

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 44 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના સંક્ષેપમાં જવાબ આપો. (દરેક પ્રશ્નના 2 ગુણ)** **[20]**

(31) 'V' નું સત્યતા કોષ્ટક રચો.

(32) નીચેના જટિલ સંયુક્ત વિધાનોના પ્રકાર ઓળખાવો.

(1) ~ P & Q (2) ~ (P & Q)

(33) સરલીકરણને લગતા નિયમનું રૂપ અને સંક્ષેપ લખો.

(34) વિકલ્પ વૃદ્ધિને લગતા નિયમનું રૂપ અને સંક્ષેપ લખો.

(35) સંવિધાનની આકૃતિ કેટલી છે? તેનાં નામ લખો.

(36) સંવિધાનમાં કેટલા પદોનો સમાવેશ થાય છે? તેના નામ લખો.

(37) જે.એસ.મિલ અને આલ્ફ્રેડ બેકન સાદી ગણનામૂલક વ્યાપ્તિને શું કહે છે ?

(38) ભારતીય દર્શનો કેટલા છે ? કયાં કયાં ?

(39) પંચાવયવી અનુમાનનાં પાંચ અવયવો (વિધાનો)ના નામ લખો.

(40) નીચેના વિધાનો મૂલ્યલક્ષી છે કે હકીકતલક્ષી તે જણાવો.

1. બાળકોને રજાઓમાં મજા પડે છે.

2 તાજ મહેલ આગ્રામાં આવેલો છે.

(41) અનુત્પાદક મૂલ્ય એટલે શું ? તેનાં ઉદાહરણ આપો.

(42) ધૃ ધાતુના બે અર્થ લખો.

(43) ધર્મના અભ્યાસથી માનવીમાં કેવા પ્રકારનાં ગુણો પ્રગટે છે ?

(44) અષ્ટાંગ યોગના આઠ અંગો કયા કયા છે ?

## વિભાગ - D

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 45 થી 58 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેક પ્રશ્નના 3 ગુણ)** **[30]**

(45) નીચે આપેલા જટિલ સંયુક્ત વિધાન માટેનો સત્યતા કોષ્ટક રચી અને તેની સમજૂતી આપો.

- B V ~ B

(46) સત્યતા કોષ્ટકની પ્રત્યક્ષ રીતનો ઉપયોગ કરી નીચેની દલીલનું પ્રામાણ્ય નક્કી કરો.

- A V B<br>~ B<br>∴ A

(47) પૂર્વાંગના સ્વીકાર પરથી ઉત્તરાંગના સ્વીકારને લગતા નિયમનું કથન, રૂપ અને સંક્ષેપ લખો.

(48) સોપાધિક સંવિધાનના નિયમનું કથન, રૂપ અને સંક્ષેપ લખો.

(49) નીચેના સંવિધાનની આકૃતિ અને ભેદ જણાવો.

- સર્વ વકીલો વાચાળ છે.<br>કેટલાક વકીલો વિદ્વાન છે.<br>∴ કેટલાક વિદ્વાનો વાચાળ છે.

(50) નીચેના સંવિધાનની આકૃતિ અને ભેદ જણાવો.

- સર્વ દેશસેવકો પરોપકારી છે.<br>ગાંધીજી દેશસેવક છે.<br>∴ ગાંધીજી પરોપકારી છે.

(51) વૈજ્ઞાનિક વ્યાપ્તિની વિશિષ્ટ લાક્ષણિકતાઓ જણાવો.

(52) ટૂંકનોંધ લખો : અનિવાર્ય શરત

(53) ધાર્મિક જીવનનું વિશ્લેષણ કરો.

(54) ધાર્મિક જીવનમાં જ્ઞાનનું મહત્વ સમજાવો.

(55) આચરવા યોગ્ય સદ્ગુણો અને ટાળવા યોગ્ય દુર્ગુણો જણાવો.

(56) હિન્દુ, ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મના ધર્મગ્રંથોના નામ લખો.

(57) પ્રાણાયામની ત્રણ ક્રિયાઓ સમજાવો.

(58) આસન એટલે શું ? યોગાસનનાં ફાયદા જણાવો.

**વિભાગ - E**

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 59 થી 64 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 04 પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો.** **[20]**
  **(દરેક પ્રશ્નના 5 ગુણ)**

(59) & નું તાર્કિક સ્વરૂપ સત્યતાકોષ્ટકની મદદથી સ્પષ્ટ કરો અને સમુચ્ચયનું લક્ષણ આપો.

(60) સત્યતા કોષ્ટકની મદદથી '$\rightarrow$' નું લક્ષણ આપો. અને તેના તાર્કિક સ્વરૂપની સમજૂતી આપો.

(61) નીચેની દલીલની પ્રાતીક રજૂઆત કરો અને સત્યતા કોષ્ટકની પ્રત્યક્ષ રીતનો ઉપયોગ કરી તેનું પ્રામાણ્ય નક્કી કરો.

- જો ભારતમાં હરિયાળી ક્રાંતિ આવે છે. તો દેશ સમૃધ્ધ બને છે.
  દેશ સમૃધ્ધ બને છે.
  $\therefore$ ભારતમાં હરિયાળી ક્રાંતિ આવે છે.

(62) પંચાવયવી અનુમાનના પ્રત્યેક વિધાનની અગત્યતા સમજાવો.

(63) જગતના વિદ્યમાન ધર્મો અને તેમનાં સ્થાપકોના નામ લખો.

(64) જૈન, જરથોસ્તી, ખ્રિસ્તી, ઈસ્લામ અને શિન્તો ધર્મના નૈતિક સિધ્ધાંતો લખો.

• • •